જામનગર મહાનગરપાલિકા

આરોગ્ય શાખા

કરાર આધારીત ભરતી – જાહેરાતની અગત્યની બાબતો

જામનગર મહાનગરપાલિકામાં આરોગ્ય શાખા ખાતે નેશનલ હેલ્થ મિશન અંતર્ગતની કામગીરી માટે નીચેની ખાલી જગ્યાઓ તદન હંગામી ધોરણે કરાર આધારીત માસિક ફિક્સ વળતરથી ભરવા નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪/૦૪/૨૦૨૦ ના રોજ સાંજે ૧૬:૩૦ થી ૧૯:૩૦ કલાક દરમ્યાન ૮૨૩૮૦૦૬૪૬૭/ ૭૫૭૪૮૭૬૬૦૦ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	શૈક્ષણિક લાયકાત	માસીક ફિક્સ વળતર રૂા.
૦૧	લેબોરેટરી ટેકનીશ્યન	૧	B.Sc(કેમેસ્ટ્રી/માઇક્રોબાયોલોજી મુખ્ય વિષય સાથે) અથવા M.Sc(ઓર્ગેનીક કેમીસ્ટ્રી/ માઇક્રોબાયોલોજી મુખ્ય વિષય સાથે) અને ગુજરાત રાજ્યની મેડીકલ કોલેજ અથવા માન્ય સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા પ્રિસ્કાઇબ્ડ લેબોરેટરી ટેકનીશ્યન કોર્સ પાસ કર્યા નું સર્ટીફીકેટ. લેબોરેટરી કામગીરીનો પ્રેકટીકલ અનુભવ ઇચ્છનિય છે.	૧૩,૦૦૦/-
૦૨	સ્ટાફ નર્સ	૩	ઉમેદવારે ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાથી બી.એસ.સી. (નર્સિંગ) પાસ કરેલ હોવું જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઇએ. અથવા ઉમેદવારે ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી ડીપ્લોમાં ઇન જનરલ નર્સિંગ અને મીડવાઇફરી પાસ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઇએ. બેઝીક કમ્પ્યુટર કોર્સનું પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઇએ.	૧૩,૦૦૦/-

A **વય મર્યાદા** :–૧) સ્ટાફનર્સની પોસ્ટ માટે ૪૫ વર્ષ.

૨) લેબોરેટરી ટેકનીશ્યન ની પોસ્ટ માટે ૫૮ વર્ષ. (ઉપરોક્ત લાયકાત ધરાવતા રીટાયર્ડ કર્મચારીઓ કે જેઓ ફીઝીકલી ફીટ હોય તો ૬૨ વર્ષ સુધી અરજી કરી શકશે.)

B જાહેરાતમાં દર્શાવેલ તારીખ અને સમય દરમ્યાન જ સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવારોએ કોલ કરતા પહેલા પોતાની લાયકાતની તથા મેળવેલ ટકાવારીની વિગતો હાથવગી રાખવા જણાવવામાં આવે છે.

C આ પસંદગી મૂળ લાયકાતના ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ યાદી તૈયાર કરી કરવામાં આવશે. એક થી વધુ ટ્રાયલ હોઈ તો બીજા ટ્રાયલ માટે ૫% કાપવામાં આવશે. અને ૨ થી વધુ ટ્રાયલ હોય તો પસંદગીને પાત્ર ગણવામાં આવશે નહી.

D મેરીટ માં આવતાં ઉમેદવારોને સિલેકશન વખતે શૈક્ષણિક લાયકાત, એટેમ્પ્ટ સર્ટી (પાસ કરેલ પ્રયાસ) ના સર્ટી., ઉમર તથા અનુભવના પ્રમાણપત્રો વગેરે જયારે ઉમેદવારને જાણ કરી બોલાવવામાં આવે ત્યારે ઓરીજનલ બતાવવાના રહેશે.

E ઉમેદવારનો અનુભવ માન્ય લાયકાત પછીનો જ ગણવામાં આવશે અને ઉમેદવારે અનુભવનું પ્રમાણપત્ર જે તે ફર્મ / કંપની / સંસ્થા / સરકારી કચેરી / અર્ધ સરકારી ના લેટરપેડ ઉપર ફરજીયાત રજુ કરવાનુ રહેશે અને ઉમેદવારે જે સમય માટે કામગીરી બતાવેલ હોય તે સમયગાળાની વર્ષવાર મેળવેલ પગારની પે – સ્લીપ જયારે પ્રમાણપત્ર ચકાસણી માટે રૂબરૂ મુલાકાત માટે બોલાવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

F આ જગ્યા એન.એચ.એમ. હેઠળની ગ્રાન્ટને આધીન હોઈ ગ્રાન્ટ બંધ થયેથી ઉમેદવારનો કરાર સમાપ્ત કરવા પાત્ર થશે.

ડે.કમિશનર

જામનગર મહાનગરપાલિકા